# Balaji Enterprise

126-Sardar Diamonds Market -2,
Mini Bazar Surat, 395 006

Ref. No.

Date :

**TO WHOM SO EVER IT MAY CONCERN**

**SUB : SELFT DECLARATION REGARDING ENCUMBRANCES**

I,MR. MANHARBHAI J SANSPARA Partners of BALAJI ENTERPRISE, A PARTNERSHIP FIRM, Promoters of the proposed project , HAVING OFFICE AT,126,1ST FLOOR, SARDAR DIAMOND MARKET,VIBHAG-2,SARDAR CHOWK,MINI BAZAR,VARACHHA ROAD,SURAT , HERE BY DECLARE THAT,WITH REFRENCE TO OUR PROJECT " **MILLENIUM RESIDENCY"** HAVING THE LAND OF BLOCK NO-270, MOJE: VELANJA, TALUKA : KAMREJ ,DIST : SURAT, ADMEARUSING 75036 SQ. METER,THE SAID LAND ALONG WITH PROJECT IS FREE FROM ALL ENCUMBRANCES AND LITIGATION.

Date : 29/11/2017

# II ENCUMBRANCE CERTIFICATE II

( 1 ) We have issued detailed search and tile report in respect of scheduled project on 09/10/2017.
( 2 ) We have mentioned the detailed title history, rights of promoters, existing encumbrance etc. in the said search and title report.

## SCHEDULE

**(of the "SAID PROJECT")**

All that piece and parcel of ownership unit's project " MILENIUM RESIDENCY" encumbrance of land admeasurising 75036 Sq.mtr. Reconstituted out of land bearing Block No. 270 Situated at Village Velnja, Taluka Kamrej Dist Surat. Hence said land dose not bear kind of encumbrance and litigation till this date.

Hence this encumbrance Certificate.

KAMLESH D. KHUNT ADVOCATE SURAT

Khunt

.................................

Kamlesh D. Khunt

# Kamlesh D. Khunt

B.Com., LL.B.

**ADVOCATE**




તારીખ : ૯/૧૦/૨૦૧૭

## વિષય : ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ

આથી હમો એડવોકેટ શ્રી કમલેશ ડી ખુંટ, તે ા મે. બાલાજી એન્ટરપ્રાઇઝ ા નામની એક ભાગીદારી પેઢી, પેઢી વતી અને તરફે અધિકૃત ભાગીદાર મનહરભાઇ જીવનભાઇ સાસપરા, ઠેકાણું : ૧૨૬, પહેલો માળ, સરદાર ડાયમંડ માર્કેટ, વિભાગ-૨, સરદાર ચોક, મીની બજાર સુરતના તરફથી મળેલ સુચના અને ફરમાયેશ અન્વયે નીચે જણાવેલ વર્ણનવાળી મિલકત અંગે જરૂરી મારા તરફથી નીચે મુજબ ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ આપવામાં આવે છે.

## મિલકતનું વર્ણન

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ કામરેજ તાલુકાના મોજે ગામ : વેંલજાના બ્લોક નંબર : ૨૭૦ ( એકત્રીકરણ પહેલા બ્લોક નંબર : ૨૬૦, ૨૬૧, ૨૬૪, ૨૭૦ ) થી નોંધાયેલ બિનેખેતીની જમીન કે જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ કુલ્લે ૭૫૦૩૬ ચો.મી. છે તે જમીનમાં રહેણાંકના હેતુ માટે ા મિલેનીયમ રેસીડેન્સી ા નામથી સોસાયટી બનાવી પ્લોટો પાડવામાં આવેલા છે તે પ્લોટોવાળી કુલ્લે જમીન મિલકત દરોબસ્ત.

KAMLESH D. KHUNT ADVOCATE SURAT

ઉપરોકત જમીન-મિલકત અંગેના રેવન્યુ રેકર્ડ તથા મારી રૂબરૂ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા માલુમ પડે છે કે....

<u>બ્લોક નંબર : ૨૬૦ વાળી જમીન :</u>

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ કામરેજના મોજે ગામ : વેલંજાનના રેવન્યુ સર્વે નંબર : ૨૬૭ થી નોંધાયેલ જમીન મહમદ દાઉદ લોખાત વિગેર નામે માલીકી કબજા ભોગવટા વહીવટ હેઠળની ચાલી આવેલ.

મોજે ગામ : વેલંજામાં આવેલ તમામ જમીનો અંગે એકત્રીકરણ યોજના લાગુ પડતા, રેવન્યુ સર્વે નંબર : ૨૬૭ વાળી જમીનને બ્લોક નંબર ૨૬૦ આપવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૧૦૭૫ થી તારીખ : ૦૧/૦૮/૧૯૭૮ ના રોજ કરવામાં આવેલ, જે નોંધ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીન મહમદ દાઉદ લોખાત વિગેરે એ.કું.વ.ક. અબ્દુલા દાઉદ લોખાતના નામે ચાલે છે. આ જમીન ઉપર ગણોતીયા તરીકે નાનુભાઇ મગનભાઇ ચાલી આવેલ, જેથી સદર જમીન ગણોત આધારે જમીન માલીક તથા ગણોતીયાના ૩૨ (ગ) મુજબ કેસ ચાલી જતા, ખરીદ કિંમત રૂ. ૪૬૨૭/- નકકી કર્યા મુજબ આઠ હપ્તે ભરવા મહે. મામલતદાર સાહેબનાં ટે.કે.નં.૩૨(ગ) ૭/૭૯ તા. ૨૫/૧૦/૧૯૭૯ મુજબ, જમીન માલીકના નામે બીજા હકમાં ખરીદ કિંમતના બોજાની નોંધ થવા તથા ગણોતીયાને કબજેદારમાં દાખલ કરવાની નોંધ કરવામાં આવેલ, જે નોંધ રેવન્યુ રેકર્ડ દફતરે ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૧૧૯૩ થી તારીખ : ૧૨/૧૦/૧૯૮૦ ના રોજ થયેલ, અને જે નોધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદર જમીન કે જે નાનુભાઇ મગનભાઇના નામે ચાલતી હતી તે જમીનના ૩૨ ગ મુજબના કેસ ચાલી ખરીદ કિંમત રૂા. ૪૬૨૭/- ગણોતીયાએ જમીન માલીક મહમદ દાઉદ લોખાત વિગેરેનો ચુકવવાનો બોજો હતો તે રકમ ગણોતીયા નાનુભાઇ મગનભાઇ એ પુરેપુરી ભરપાઇ કરી દીધેલ હોય, મહે. મામલતદાર

**Office :** 501, Starling Point, Above Arihant Jewellers, Hans Society, Beside Axis Bank, Varachha Main Road, Surat. Ph.: 0261 - 255 9835, M. 98253 74551 E-mail : kdkhunt@yahoo.com

Scanned by CamScanner

સાહેબ ના કેસ નં. ૩૨-ગ કેસ નં. ૭/૭૯ કામરેજ તા. ૨૪/૯/૮૨ ના રોજ આવેલ કલમ ૩૨ (એમ) અન્વયે ખરીદીના પ્રમાણપત્રના આધારે બોજો કમી કરવા રેવન્યુ રેકર્ડ નોંધ કરવામાં આવેલ, જે નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૧૩૭૭ થી તા. ૨૪/૯/૧૯૮૨ થી કરવામાં આવેલ છે અને જે નોંધ પ્રમાણિત કરવામાં આવેલ, ત્યારબાદ મે.મામલતદાર સાહેબ કામરેજ અને ખેતીની જમીન બાબતના ન્યાયધિકરણ ના અધ્યક્ષશ્રીના નં. ગ.ધા.ક. ૩૨-ગ-કેશ ૯૩, તા.૨૪/૧૧/૧૯૭૩ ના ૩૨(એમ)ના પ્રમાણપત્રના આધારે ગણોતીયાને કબજેદાર તરીકે દાખલ કરી, ટે.કા. ૪૩ મુજબ નવી શરતે અવિભાજય શરતે સદર જમીન દાખલ કરવામાં આવેલ જે નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૧૮૬૮ થી તારીખ : ૦૭/૦૧/૧૯૯૪ થી કરવામાં આવેલ છે અને જે નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ નવી શરતવાળી જમીન કે જે નાનુભાઇ મગનભાઇના નામે ચાલે છે તે જમીન નવીશરતની હોય, ખેતી કામે જુની શરત અને વેચાણ પરવાનગી મેળવવા બાબત મહે. નાયબ કલેકટરશ્રી સાહેબ ઓલપાડ પ્રાંત સુરત, સમક્ષ અરજી કરતા, પ્રકરણ ચાલતા મહે. નાયબ કલેકટર સાહેબશ્રી ઓલપાડ પ્રાંત સુરતના હુકમ નં. ગણત / વે.પ. રજી. ૩૭/૯૮ / વશી ૯૮૨/૯૮, તા. ૫/૯/૧૯૯૮ થી સદર જમીન ખેતીના હેતુ માટે હસમુખભાઇ ગોવિદભાઇ પટેલને વેચાણ કરવા માટેની જમીન માલીક નાનુભાઇ મગનભાઇને પરવાનગી આપવામાં આવેલ, જે પરવાનગી અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ દફતરે ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૩૦૫૮ થી તારીખ : ૦૯/૦૯/૧૯૯૮ ના રોજ કરવામાં આવેલી, અને જે નોધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદર બ્લોક નંબર ૨૬૦ વાળી જમીન નવી શરતની હોય, પરંતુ ખેતીના હેતુ માટે ઉપર મુજબ મહે. નાયબ કલેકટર ઓલપાડ પ્રાંત સાહેબ દ્વારા વેચાણ માટે મળેલ પરવાનગીના આધારે સદર જમીનના માલીકે સદર જમીન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજના આધારે હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલને વેચાણ આપેલ અને જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકમાં નોંધ નંબર : ૩૦૬૬ થી તારીખ : ૩૦/૧૧/૧૯૯૮ ના રોજ કરવામાં આવેલ, જે નોંધ પ્રમાણિત થયેલ અને એ રીતે સદર બ્લોક નંબર ૨૬૦ વાળી જમીનના માલીક હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલ એકલા અને સ્વતંત્ર માલીક મુખત્યાર બનેલા અને ચાલી આવેલા.

સદરહુ જમીન પૈકી જમીન મે. રિલાયન્સ ગેસ ટ્રાન્સપોર્ટેસન ઇન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ દ્વારા હૈદરાબાદથી અમદાવાદ ગેસપાઇપ લાઇન પસાર કરવા, વપરાશી હકક સંપાદન કરવામાં આવેલ છે. જે જમીન સંપાદન એવોર્ડ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૭૮૮ થી તા. ૧૩/૦૯/૨૦૧૦ ના રોજ કરવામાં આવેલ જે નોંધ રદ થતા ત્યારબાદ ફરી તે નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૭૮૮ થી તારીખ : ૧૩/૦૯/૨૦૧૦ ના રોજ કરવામાં આવેલ જે નોંધ રદ થતા ત્યારબાદ ફરી તે નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૯૯૬ થી તા. ૦૫/૦૪/૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ અને પ્રમાણિત થયેલ.

સદરહુ જમીન માત્ર ખેતીના હેતુ માટે જુની શરતની હોય યાને બિનખેતી પ્રિમયમને પાત્રવાળી હોય, બિનખેતીના રહેણાંકના હેતુ માટે જુની શરતમાં ફેરફાર કરવા મે.કલેકટર સાહેબશ્રી, સુરતના હુકમ નંબર : ગણત૪/રજી.નં.૩૨૬/૧૨ વશી. ૨૯૬/૧૪ થી તા. ૦૮/૦૮/૨૦૧૪ ના રોજ ના હુકમથી સદરહુ જમીન રહેણાંકના હેતુ માટે જુની શરતમાં તબદીલ કરવામાં આવેલ જે હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૪૭૭૪ થી તારીખ : ૨૨/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૨૧/૧૧/૨૦૧૪ નાં રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલએ સદરહુ જમીનમાં બાંધકામ કરવા તથા રહેણાંકના હેતુ માટે બિનખેતી કરવાના કામે મે.જીલ્લા વિકાસ અધિકારી સાહેબ, સુરત જીલ્લા પંચાયતને અરજી કરતા તેમના હુકમ નંબર : ૪/ડી.પી./એન.એ./ રજી.નં. -૮૧૭/૧૪ થી તારીખ :



Scanned by CamScanner

૩.

૦૯/૦૧/૨૦૧૫ રોજથી જમીન મહેસુલ કાયદાના પ્રબંધો હેઠળ બિનખેતી કૃત્ય કરવા માટે પરવાનગી આપવામાં આવેલ. જે હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૫૪૬૩ થી તારીખ : ૧૩/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૦૯/૦૯/૨૦૧૫ નાં રોજ પ્રમાણીત થયેલ.

તેમજ બાંધકામ કરવા અંગે નગર નિયોજકશ્રી, સુરત તેમના હુકમ નંબર : બીપી/વેલંજા/કામરેજ/સુરત/૩૯૯૪ થી તારીખ : ૧૮/૦૯/૨૦૧૪ ના રોજથી રહેણાંકના હેતુ માટે પ્લાન મંજુર કરી, બાંધકામ કરવા માટે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે.

ત્યારબાદ સદર બ્લોક નંબર : ૨૬૦ વાળી રહેણાંકનાં હેતુ માટે બિનખેતી થયેલ જમીનનાં માલીક હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલએ બાલાજી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી વતી અને તરફે અધિકૃત ભાગીદાર મનહરભાઇ જીવનભાઇ સાસપરા તથા હિરેન કુમાર નટવરભાઇ પટેલને વેચાણ આપેલ. જે અંગેનો રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ સબ-રજીસ્ટ્રાર (કામરેજ) સાહેબની કચેરીએ અનુક્રમ નંબર : ૧૨૪૫૫ થી તારીખ : ૨૪/૦૭/૨૦૧૫ નાં રોજ નોંધાયેલ. જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકમાં નોંધ નંબર : ૫૪૯૪ થી તારીખ : ૧૨/૦૮/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ, જે નોંધ તારીખ : ૦૧/૧૦/૨૦૧૫ નાં રોજ પ્રમાણિત થયેલ. આમ, સદર બ્લોક નંબર : ૨૬૦ વાળી જમીનનાં બાલાજી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી માલીક મુખત્યાર બનેલા અને ચાલી આવેલા.

<u>બ્લોક નંબર : ૨૬૧ વાળી જમીન :</u>

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ કામરેજના મોજે ગામ : વેલંજાનના રેવન્યુ સર્વે નંબર : ૨૬૬ થી નોંધાયેલ જમીન ઠાકોરભાઇ રણછોડભાઇ દેસાઇના નામે માલીકી કબજા ભોગવટા વહીવટ હેઠળની ચાલી આવેલ.

મોજે ગામ : વેલંજામાં આવેલ તમામ જમીનો અંગે એકત્રીકરણ યોજના લાગુ પડતા, રેવન્યુ સર્વે નંબર : ૨૬૬ વાળી જમીનને બ્લોક નંબર ૨૬૧ આપવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૧૦૭૫ થી તારીખ : ૦૧/૦૮/૧૯૭૮ ના રોજ કરવામાં આવેલ, જે નોંધ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીક ઠાકોરભાઇ રણછોડભાઇ દેસાઇનું તારીખ : ૧૫/૦૫/૧૯૮૦ નાં રોજ અવસાન થતા, તેમના કાયદેસરના સીધી લીટીના વારસદાર તરીકે કાંતાબેન તે ઠાકોરભાઇ રણછોડભાઇની વિધવા, મંજુલાબેન ઠાકોરભાઇ, ઇન્દુબેન ઠાકોરભાઇ, ગીતાબેન ઠાકોરભાઇ, હસુમતીબેન ઠાકોરભાઇ, પદમાબેન ઠાકોરભાઇ તથા દક્ષાબેન ઠાકોરભાઇનાંઓ હોય, રેવન્યુ રેકર્ડ ઉપર તેઓના નામો દાખલ કરવામાં આવેલ. જે વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૧૧૬૬ થી તારીખ : ૧૦/૦૭/૧૯૮૦ નાં રોજ દાખલ કરવામાં આવેલ અને પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીકો કાંતાબેન તે ઠાકોરભાઇ રણછોડભાઇની વિધવા, મંજુલાબેન ઠાકોરભાઇ, ઇન્દુબેન ઠાકોરભાઇ, ગીતાબેન ઠાકોરભાઇ, હસુમતીબેન ઠાકોરભાઇ, પદમાબેન ઠાકોરભાઇ તથા દક્ષાબેન ઠાકોરભાઇનાઓ પૈકી કાંતાબેન તે ઠાકોરભાઇ રણછોડભાઇ ની વિધવાનું અવસાન થતા તેનાં સીધીલીટીનાં તમામ વારસોનાં નામ સદર જમીનના રેવન્યુ રેકર્ડ ઉપર પહેલેથી ચાલી આવતાં હોવાથી મર્હુમનું નામ કમી કરવામાં આવેલ, જે નામ કમી કરવા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૩૦૨૧ થી તારીખ : ૦૧/૦૪/૧૯૯૮ નાં રોજ દાખલ કરવામાં આવેલ અને પ્રમાણિત થયેલ.



Scanned by CamScanner

# Kamlesh D. Khunt

B.Com., LL.B.

**ADVOCATE**



ત્યારબાદ સદરહુ જમીન માલીકો મંજુલાબેન ઠાકોરભાઇ, ઇન્દુબેન ઠાકોરભાઇ, ગીતાબેન ઠાકોરભાઇ, હસુમતીબેન ઠાકોરભાઇ, પદમાબેન ઠાકોરભાઇ તથા દક્ષાબેન ઠાકોરભાઇનાઓનાં કુલ મુખત્યાર અમુલખરાય રણછોડજી દેસાઇ પાસેથી સદર જમીન હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજનાં આધારે વેચાણ રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રર સાહેબની કચેરીએ અનુક્રમ નંબર : ૫૯૮ થી તારીખ : ૧૪/૦૮/૧૯૯૮ નાં રોજ નોંધાયેલ. અને જે વેચાણ જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૦૫૪ થી તારીખ : ૧૬/૦૮/૧૯૯૮ નાં રોજ દાખલ કરવામાં આવેલ, જે નોંધ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલએ સદર જમીન ખેતીની હોય, ઔધોગીક હેતુ માટે બિનખેતી કરવાના કામે મે.જીલ્લા વિકાસ અધિકારી સાહેબ, સુરત જીલ્લા પંચાયતને અરજી કરતા, તેમના હુકમ નંબર : ૪/ડી.પી./એન.એ./ રજી.નં. -૯૩/૧૧ થી તારીખ : ૧૯/૦૧/૨૦૧૧ નાંરોજથી જમીન મહેસુલ કાયદાના પ્રબંધો હેઠળ બિનખેતી કૃત્ય કરવા માટે પરવાનગી આપવામાં આવેલ. જે હુકમની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૮૫૮ થી તારીખ : ૨૮/૦૪/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ જે નોંધ તારીખ : ૧૭/૦૮/૨૦૧૧ નાં રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદર બિનખેતીની જમીનનાં માલીક હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલએ સદર જમીન બાલાજી એન્ટરપ્રાઇઝ નામની એક ભાગીદારી પેઢીમાં મુડી તરીકે લઇ ગયેલ જે અંગેનો ભાગીદારીનો લેખ સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીએ અનુક્રમ નંબર : ૪૮૭ થી તારીખ : ૨૦/૦૪/૨૦૧૧ નાં રોજ નોંધણી કરેલ. અને તે અન્વયે સદર જમીન બાલાજી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીનાં ભાગીદારો મનહરભાઇ જીવનભાઇ સાસપરા, વિનોદભાઇ વિઠ્ઠલભાઇ બેલડીયા તથા હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલનાં નામે દાખલ કરવામાં આવેલ જે સહભાગીદાર હકક દાખલ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૩૯૦૩ થી તારીખ : ૧૧/૦૮/૨૦૧૧ ના રોજ થયેલ. જે નોંધ તારીખ : ૧૨/૧૧/૨૦૧૧ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ બિનખેતીની જમીનનાં માલીક બાલાજી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીએ સદર જમીન ઔધોગીક હેતુ માટે બિનખેતી થયેલ હોય, સદર જમીનમાં રહેણાંકના હેતુ માટે રીવાઇઝડ બિનખેતી કરવા માટે મે.જીલ્લા વિકાસ અધિકારી સાહેબ, સુરત જીલ્લા પંચાયતને અરજી કરતા, તેમના હુકમ નંબર : ૪/ડી.પી./એન.એ./ રજી.નં. ૨૫૩/૧૪ થી તારીખ : ૧૬/૧૦/૨૦૧૪ નાંરોજથી જમીન મહેસુલ કાયદાના પ્રબંધો હેઠળ રીવાઇઝડ બિનખેતી કરવા માટે પરવાનગી આપવામાં આવેલ. જે હુકમની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૫૪૨૨ થી તારીખ : ૨૨/૦૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ જે નોંધ તારીખ : ૨૦/૦૮/૨૦૧૫ નાં રોજ પ્રમાણિત થયેલ.

તેમજ બાંધકામ કરવા અંગે નગર નિયોજકશ્રી, સુરત તેમના હુકમ નંબર : બીપી/વેલંજા/કામરેજ/સુરત/૩૮૫૯ થી તારીખ : ૦૮/૦૯/૨૦૧૪ ના રોજથી રહેણાંક (રો-ટાઇપ) હેતુ માટે પ્લાન મંજુર કરી, બાંધકામ કરવા માટે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે.

**Office :** 501, Starling Point, Above Arihant Jewellers, Hans Society, Beside Axis Bank, Varachha Main Road, Surat. Ph.: 0261 - 255 9835, M. 98253 74551 E-mail : kdkhunt@yahoo.com

Scanned by CamScanner

**<u>બ્લોક નંબર : ૨૬૪ વાળી જમીન :</u>**

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ કામરેજના મોજે ગામ : વેલંજાનના રેવન્યુ સર્વે નંબર : ૨૬૮ થી નોંધાયેલ જમીન વલ્લભભાઇ લલ્લુભાઇ પટેલના નામે માલીકી કબજા ભોગવટા વહીવટ હેઠળની ચાલી આવેલ.

મોજે ગામ : વેલંજામાં આવેલ તમામ જમીનો અંગે એકત્રીકરણ યોજના લાગુ પડતા, રેવન્યુ સર્વે નંબર : ૨૬૮ વાળી જમીનને બ્લોક નંબર ૨૬૪ આપવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેર્કડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૧૦૭૫ થી તારીખ : ૦૧/૦૮/૧૯૭૮ ના રોજ કરવામાં આવેલ, જે નોંધ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીક વલ્લભભાઇ લલ્લુભાઇ પટેલનું તારીખ : ૩૦/૦૭/૧૯૭૮ નાં રોજ અવસાન થતા રેવન્યુ રેકર્ડ ઉપર તેની વારસાઇ કરવામાં આવેલ અને વલ્લભભાઇ લલ્લુભાઇ પટેલના કાયદેસરના સીધી લીટીના વારસદાર તરીકે તેના પુત્ર ઠાકોરભાઇ વલ્લભભાઇનું નામ દાખલ કરવામાં આવેલ, જે વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૧૧૨૮ થી તારીખ : ૩૧/૧૨/૧૯૭૯ નાં રોજ દાખલ કરવામાં આવેલ, જે નોંધ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીન માલીક ઠાકોરભાઇ વલ્લભભાઇ પાસેથી સદર જમીન રમેશભાઇ છોટુભાઇ પટેલએ તારીખ : ૧૭/૦૬/૧૯૮૧ નાં રોજ વેચાણ રાખેલ જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૧૨૬૮ થી તારીખ : ૧૫/૦૭/૧૯૮૧ નાં રોજ દાખલ કરવામાં આવેલ, જે નોંધ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીક રમેસભાઇ છોટુભાઇ પટેલનું તારીખ : ૧૫/૦૮/૧૯૮૨ નાં રોજ અવસાન થતા રેવન્યુ રેકર્ડ ઉપર તેની વારસાઇ કરવામાં આવેલ અને જેનાં આધારે તેનાં કાયદેસરના સીધીલીટીના વારસદાર તરીકે શારદાબેન તે રમેશભાઇ છોટુભાઇ પટેલની વિધવા, સગીર જયેશકુમાર રમેશભાઇ, સગીર ગીતાબેન રમેશભાઇ, સગીર નિશાબેન રમેશભાઇ સગીરોનાં વાલી તરીકે શારદાબેન તે રમેશભાઇ છોટુભાઇ પટેલની વિધવાનું નામ દાખલ કરવામાં આવેલ. જે વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૧૩૭૦ થી તારીખ : ૦૫/૦૭/૧૯૮૨ નાં રોજ દાખલ કરવામાં આવેલ, જે નોંધ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સરદ જમીનનાં માલીક શારદાબેન તે રમેશભાઇ છોટુભાઇ પટેલની વિધવા, જયેશકુમાર રમેશભાઇ, ગીતાબેન રમેશભાઇ, નિશાબેન રમેશભાઇનાઓ પૈકી ગીતાબેન રમેશભાઇ તથા નિશાબેન રમેશભાઇનાઓનાં લગ્ન થયે સાસરે રહેતા હોય તથા જયેશકુમાર રમેશભાઇ નોકરી ધંધા અર્થે બહારગામ રહેતા હોય, જેઓએ તેનો હકક, હિત, હિસ્સો તેમની માતાની તરફેણમાં ઉઠાવી લેતાં સદર જમીનમાંથી જયેશકુમાર રમેશભાઇ, ગીતાબેન રમેશભાઇ, નિશાબેન રમેશભાઇનાઓનાં નામ કમી કરી, શારદાબેન તે રમેશભાઇ છોટુભાઇ પટેલની વિધવાનું નામ કાયમ કરવામાં આવેલ, જે સામાયિકપણામાંથી નામ કમી કરવા બાબતની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૦૯૮ થી તારીખ : ૧૬/૦૫/૧૯૯૯ નાં રોજ દાખલ કરવામાં આવેલ, જે નોંધ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક શારદાબેન તે રમેશભાઇ છોટુભાઇ પટેલની વિધવાની પાસેથી સદર જમીન મનેશકુમાર જયંતીભાઇ પટેલએ તારીખ : ૨૪/૦૬/૧૯૯૯ નાં રોજ વેચાણ રાખેલ જે વેચાણ



Scanned by CamScanner

ESH ADVO SUR

# Kamlesh D. Khunt

B.Com., LL.B.

**ADVOCATE**

અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૧૦૧ થી તારીખ : ૩૦/૦૬/૧૯૯૯ નાં રોજ દાખલ કરવામાં આવેલ, જે નોંધ પ્રમાણિત થયેલ.

સદરહુ જમીન પૈકી જમીન મે. રિલાયન્સ ગેસ ટ્રાન્સપોર્ટેસન ઇન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ દ્વારા હૈદરાબાદથી અમદાવાદ ગેસપાઇપ લાઇન પસાર કરવા, વપરાશી હકક સંપાદન કરવામાં આવેલ છે. જે જમીન સંપાદન એવોર્ડ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૭૮૮ થી તારીખ : ૧૩/૦૯/૨૦૧૦ ના રોજ કરવામાં આવેલ જે નોંધ રદ થતા ત્યારબાદ ફરી તે નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૯૯૬ થી તારીખ : ૦૫/૦૪/૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ અને પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક મનેશકુમાર જયંતીભાઇ પટેલએ સદર જમીન ખેતીની હોય જમીન માલીક દ્વારા સદરહુ જમીનમાં બાંધકામ કરવા તથા ઔધોગિક હેતુ માટે બિનખેતી કરવાના કામે મે.જીલ્લા વિકાસ અધિકારી સાહેબ, સુરત જીલ્લા પંચાયતને અરજી કરતા તેમના હુકમ નંબર : ૪/ડી.પી./એન.એ./ રજી.નં. -૯૨/૧૧ થી તા. ૧૯/૦૧/૨૦૧૧ નાં રોજથી જમીન મહેસુલ કાયદાના પ્રબંધો હેઠળ બિનખેતી કુત્ય કરવા માટે પરવાનગી આપવામાં આવેલ. જે હુકમની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૮૫૭ થી તારીખ : ૨૮/૦૪/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ જે નોંધ તારીખ : ૨૯/૦૮/૨૦૧૧ નાં રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદર બિનખેતીની જમીનનાં માલીક મનેશકુમાર જયંતીભાઇ પટેલ સદર જમીન બાલાજી એન્ટરપ્રાઇઝ નામની એક ભાગીદારી પેઢીમાં મુડી તરીકે લઇ ગયેલ જે અંગેનો ભાગીદારીનો લેખ સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીએ અનુક્રમ નંબર : ૪૮૯ થી તારીખ : ૨૦/૦૪/૨૦૧૧ નાં રોજ નોંધણી કરેલ. અને તે અન્વયે સદર જમીનમાં બાલાજી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી, તેનાં ભાગીદારો મનહરભાઇ જીવનભાઇ સાસપરા, વિનોદભાઇ વિઠ્ઠલભાઇ બેલડીયા તથા મનેશકુમાર જયંતીભાઇ પટેલનાં નામ દાખલ કરવામાં આવેલ જે સહભાગીદાર હકક દાખલ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૩૯૦૪ થી તારીખ : ૧૧/૦૮/૨૦૧૧ ના રોજ થયેલ. જે નોંધ તારીખ : ૧૨/૧૧/૨૦૧૧ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ બિનખેતીની જમીનનાં માલીક બાલાજી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીએ સદર જમીન ઔધોગીક હેતુ માટે બિનખેતી થયેલ હોય, સદર જમીનમાં રહેણાંકના હેતુ માટે રીવાઇઝડ બિનખેતી કરવા માટે મે.જીલ્લા વિકાસ અધિકારી સાહેબ, સુરત જીલ્લા પંચાયતને અરજી કરતા તેમના હુકમ નંબર : ૪/ડી.પી./એન.એ./ રજી.નં. ૨૫૪/૧૫ થી તારીખ : ૦૨/૦૨/૨૦૧૫ નાં રોજથી જમીન મહેસુલ કાયદાના પ્રબંધો હેઠળ રીવાઇઝડ બિનખેતી કરવા માટે પરવાનગી આપવામાં આવેલ. જે હુકમની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૫૪૬૧ થી તારીખ : ૧૩/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ જે નોંધ તારીખ : ૦૯/૦૯/૨૦૧૫ નાં રોજ પ્રમાણિત થયેલ તેમજ બાંધકામ કરવા અંગે નગર નિયોજકશ્રી, સુરત તેમના હુકમ નંબર : બીપી/વેલંજા/કામરેજ/સુરત/૪૦૫૭ થી તારીખ : ૩૦/૦૯/૨૦૧૪ ના રોજથી રહેણાંકના હેતુ માટે પ્લાન મંજુર કરી, બાંધકામ કરવા માટે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે.

<u>બ્લોક નંબર : ૨૭૦ વાળી જમીન :</u>

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ કામરેજના મોજે ગામ : વેલંજાનના રેવન્યુ સર્વે નંબર : ૨૬૮ થી નોંધાયેલ જમીન મહમદ ઇબ્રાહીમના નામે માલીકી કબજા ભોગવટા વહીવટ હેઠળની ચાલી આવેલ.

**Office :** 501, Starling Point, Above Arihant Jewellers, Hans Society, Beside Axis Bank, Varachha Main Road, Surat. Ph.: 0261 - 255 9835, M. 98253 74551 E-mail : kdkhunt@yahoo.com

Scanned by CamScanner

Kamlesh D. Khunt

B.Com., LL.B.

ADVOCATE

૭. મોજે ગામ : વેલંજામાં આવેલ તમામ જમીનો અંગે એકત્રીકરણ યોજના લાગુ પડતા, રેવન્યુ સર્વે નંબર : ૨૬૯ વાળી જમીનને બ્લોક નંબર ૨૭૦ આપવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૧૦૭૫ થી તારીખ : ૦૧/૦૮/૧૯૭૮ ના રોજ કરવામાં આવેલ, જે નોંધ પ્રમાણિત થયેલ

ત્યારબાદ સદરહુ બ્લોક નંબર : ૨૭૦ વાળી જમીનના માલીક મહમદ ઇબ્રાહીમ તારીખ : ૦૭/૦૯/૧૯૮૨ ના રોજ કઠોર મુકામે મૈયત થતા, તેમણે તારીખ : ૨૫/૦૬/૧૯૮૨ ના રોજ કરેલ રજીસ્ટર્ડ વીલના આધારે સદર જમીન સાબેરાબીબી તે મહમદ ઇબ્રાહીમ સીદાતની છોકરીના નામે કરવામાં આવેલ, જે વીલના આધારે વારસાઇની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૧૩૮૫ થી તારીખ : ૨૪/૦૯/૧૯૮૨ ના રોજ કરવામાં આવેલ અને પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદર જમીન નવી શરતની હોય, ખેતીના હેતુ માટે જુની શરત અંગે અને વેચાણ પરવાનગી માટે મહે. નાયબ કલેકટર સાહેબ, ઓલપાડ વિભાગ સુરતને અરજી કરતા, તેના હુકમ નંબર : ટી.એન.સી./વશી/૪૧૬૬/૮૨ થી તારીખ : ૦૮/૧૧/૧૯૮૨ તથા મહે. મામલતદાર સાહેબ કામરેજના હુકમ નંબર : ગણત/વશી/૨૯૧૭ થી તારીખ : ૨૬/૧૧/૧૯૮૨ થી વેચાણ પરવાનગી મળેલ અને તે પરવાનગીના આધારે સદર જમીનના માલીક સાબેરાબીબી તે મહમદ ઇબ્રાહીમ સીદાતની છોકરીએ સદર જમીન તારીખ : ૨૯/૧૧/૧૯૮૨ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજના આધારે બાલુભાઇ છોટુભાઇ પટેલ તથા બિપિનભાઇ છોટુભાઇ પટેલને વેચાણ આપેલ અને જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૧૩૯૩ થી તારીખ : ૦૭/૧૨/૧૯૮૨ ના રોજ કરવામાં આવેલ અને પ્રમાણિત થયેલ અને એ રીતે સદર જમીનના બાલુભાઇ છોટુભાઇ પટેલ તથા બિપીનભાઇ છોટુભાઇ પટેલ માલીક મુખત્યાર કબજેદાર થયેલા.

ત્યારબાદ સદર જમીનના માલીક બાલુભાઇ છોટુભાઇ પટેલ તથા બિપીનભાઇ છોટુભાઇ પટેલએ સદરહુ જમીન પરશોત્તમભાઇ છગનભાઇ પટેલ તથા ભરતભાઇ શંભુભાઇ પટેલને તારીખ : ૦૭/૦૮/૧૯૯૨ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજના આધારે વેચાણ આપેલ અને જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૧૮૧૭ થી તારીખ : ૦૮/૦૮/૧૯૯૨ ના રોજ કરવામાં આવેલ અને પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદર જમીનના માલીક પરશોત્તમભાઇ છગનભાઇ પટેલ તથા ભરતભાઇ શંભુભાઇ પટેલએ સદરહુ જમીન ગીતાબેન જંયતિલાલ પટેલને વેચાણ આપેલ અને જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીએ અનુક્રમ નંબર : ૧૩૬૪ થી તારીખ : ૩૦/૧૦/૧૯૯૬ ના રોજ નોંધાયેલ અને જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૩૦૪૨ થી તારીખ : ૧૫/૦૫/૧૯૯૮ ના રોજ કરવામાં આવેલ અને પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદર જમીનના માલીક ગીતાબેન જંયતિલાલ પટેલએ સદરહુ જમીન શાંતીલાલ ગોવનભાઇ પટેલ, અનિલકુમાર જંયતિભાઇ પટેલ તથા જીજ્ઞેશકુમાર શાંતીલાલ પટેલને વેચાણ આપેલ અને જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીએ અનુક્રમ નંબર : ૯૦૦ થી તારીખ : ૧૮/૧૧/૧૯૯૯ ના રોજ નોંધાયેલ. અને જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૧૨૫ થી તારીખ : ૨૪/૧૧/૧૯૯૯ ના રોજ કરવામાં આવેલ અને પ્રમાણિત થયેલ અને ત્યારબાદ સદર જમીનના સહમાલીક શાંતીલાલ ગોવનભાઇ પટેલનું તારીખ : ૦૯/૧૦/૨૦૦૭ ના રોજ અવસાન થતાં તેમના સીધીલીટીના વારસદારો તરીકે રમીલાબેન તે શાંતીલાલ ગોવનભાઇ પટેલની વિધવા, મનીષાબેન શાંતીલાલ તથા જીજ્ઞેશભાઇ શાંતીલાલ નાં નામ દાખલ કરવામાં આવેલ. જે વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૭૪૮ થી તારીખ : ૧૯/૦૪/૨૦૧૦ થી કરવામાં આવેલ અને તારીખ : ૨૪/૦૬/૨૦૧૦ ના રોજ પ્રમાણિત થયેલ, અને એ રીતે સદરહુ બ્લોક નંબર : ૨૭૦ વાળી જમીનના

Office : 501, Starling Point, Above Arihant Jewellers, Hans Society, Beside Axis Bank, Varachha Main Road, Surat. Ph.: 0261 - 255 9835, M. 98253 74551 E-mail : kdkhunt@yahoo.com

Scanned by CamScanner

અનિલકુમાર જંયતિભાઇ પટેલ, જીજ્ઞેશકુમાર શાંતીલાલ પટેલ, રમીલાબેન તે શાંતીલાલ ગોવનભાઇ પટેલની વિધવા, તથા મનીષાબેન શાંતીલાલનાઓ સંયુકત માલીક મુખત્યાર કબજેદાર થયેલા અને ચાલી આવેલા.

ત્યાર બાદ સદરહું જમીનમાં સહભાગીદાર હક દાખલ થયા અંગેની નોંધ થયેલ જે ખરી હકીકતે બ્લોક નંબર : ૨૫૯ તથા ૨૭૧ ની હોય, શરત ચુકથી સદર બ્લોક નંબર પસંદ કરેલ હોય, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૯૮૯ થી તારીખ : ૨૩/૦૩/૨૦૧૨ થી કરવામાં આવેલ અને તારીખ : ૧૦/૦૫/૨૦૧૨ ના રોજ રદ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક અનિલકુમાર જંયતિભાઇ પટેલ, જીજ્ઞેશકુમાર શાંતીલાલ પટેલ, રમીલાબેન તે શાંતીલાલ ગોવનભાઇ પટેલની વિધવા, તથા મનીષાબેન શાંતીલાલનાએ સદર જમીન ખેતીની હોય સદર જમીનમાં બાંધકામ કરવા તથા રહેણાંકના હેતુ માટે બિનખેતી કરવાના કામે મે.જીલ્લા વિકાસ અધિકારી સાહેબ, સુરત જીલ્લા પંચાયતને અરજી કરતા તેમના હુકમ નંબર : ૪/ડી.પી./એન.એ./ રજી.નં. ૩૫૫/૧૫ થી તારીખ : ૦૯/૦૧/૨૦૧૫ નાંરોજથી જમીન મહેસુલ કાયદાના પ્રબંધો હેઠળ બિનખેતી કુત્ય કરવા માટે પરવાનગી આપવામાં આવેલ. જે હુકમની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૫૪૬૪ થી તારીખ : ૧૩/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ અને તારીખ : ૦૯/૦૯/૨૦૧૫ નાં રોજ પ્રમાણિત થયેલ તેમજ બાંધકામ કરવા અંગે નગર નિયોજકશ્રી, સુરત તેમના હુકમ નંબર : બીપી/વેલંજા/કામરેજ/સુરત/૪૦૫૮ થી તારીખ : ૩૦/૦૯/૨૦૧૪ ના રોજથી રહેણાંકના હેતુ માટે પ્લાન મંજુર કરી, બાંધકામ કરવા માટે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે.

ત્યારબાદ સદર બ્લોક નંબર : ૨૭૦ વાળી રહેણાંકનાં હેતુ માટે બિનખેતી થયેલ જમીનનાં માલીક અનિલકુમાર જંયતિભાઇ પટેલ, જીજ્ઞેશકુમાર શાંતીલાલ પટેલ, રમીલાબેન તે શાંતીલાલ ગોવનભાઇ પટેલની વિધવા, તથા મનીષાબેન શાંતીલાલએ સદર જમીન બાલાજી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીને વેચાણ આપેલ. જે અંગેનો રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ સબ-રજીસ્ટ્રાર (કામરેજ) સાહેબની કચેરીએ અનુક્રમ નંબર : ૧૨૪૫૬ થી તારીખ : ૨૪/૦૭/૨૦૧૫ નાં રોજ નોંધાયેલ. જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકમાં નોંધ નંબર : ૫૪૯૫ થી તારીખ : ૧૨/૦૮/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ, જે નોંધ તારીખ : ૦૧/૧૦/૨૦૧૫ નાં રોજ પ્રમાણિત થયેલ. આમ, સદર બ્લોક નંબર : ૨૭૦ વાળી જમીનનાં બાલાજી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી માલીક મુખત્યાર બનેલા અને ચાલી આવેલા.

આમ, મોંજે ગામ : વેલંજાના બ્લોક નંબર : ૨૬૦, ૨૬૧, ૨૬૪ તથા ૨૭૦ વાળી રહેણાંકના હેતુ માટે બિનખેતી થયેલ જમીનનાં માલીક હમો બીજા પક્ષનાઓ બાલાજી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી બનેલ અને ત્યારબાદ સદરહુ બ્લોક નંબર : ૨૬૦, ૨૬૧, ૨૬૪ તથા ૨૭૦ વાળી જમીન એકબીજાને લાગુ ચાલી આવેલ હોય વહિવટી સરળીકરણ માટે એકત્ર કરવા માટે મે.મામલતદાર સાહેબ કામરેજને અરજી કરતા, તેમના હુકમ નંબર : જમન/એકત્રીકરણ/વેલંજા/રજી.નં.૩૩/૧૫ થી તારીખ : ૨૯/૧૦/૨૦૧૫ થી સદરહુ જમીન એકત્ર કરવા હુકમ કરવામાં આવેલ અને જે હુકમને અન્વયે સદર કુલ્લે જમીનને બ્લોક નંબર : ૨૭૦ આપવામાં આવેલ. જે હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૫૭૨૨ થી તારીખ : ૩૦/૧૦/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ અને તારીખ : ૨૯/૧૨/૨૦૧૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મામલતદાર સાહેબના હુકમના આધારે બ્લોક એકત્ર કરવા માટે જીલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતરના પત્ર નંબર : કે.જે.પી.એસ.આર./૨૨૦/૨૦૧૫-૧૬, તારીખ : ૦૪/૧૨/૨૦૧૫ થી દુરસ્તી પ્રત્રક નંબર : ૫૭ અંગેની નોંધ કરી સદરહુ બ્લોક નંબર : ૨૬૦, ૨૬૧ તથા ૨૬૪ ને બ્લોક નંબર : ૨૭૦ માં એકત્ર કરવામાં આવેલ, અને જે કે.જે.પી. એકત્ર અંગેની નોંધ રેવન્યુ રેકડ ૭/૧૨ માં હકકપત્રકમાં નોંધ નંબર : ૫૮૧૬ થી તારીખ : ૧૪/૧૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ, અને જે નોંધ તારીખ : ૧૨/૦૨/૨૦૧૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ. અને ત્યારથી એ રીતે સદરહુ બ્લોક નંબર : ૨૭૦ વાળી




Scanned by CamScanner

# Kamlesh D. Khunt

B.Com., LL.B.

**ADVOCATE**


૯.. રહેણાંકના હેતુ માટે બિનખેતી થયેલ જમીનનાં હમો બીજા પક્ષનાઓ બાલાજી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી, અને તેના હાલના ભાગીદારો માલીક મુખત્યાર કબજેદાર બનેલા અને ચાલી આવેલા.

મજકુર જમીનના માલીક ॥ **બાલાજી એન્ટરપ્રાઇઝ** ॥ નામની ભાગીદારી પેઢી કે જે રજીસ્ટ્રર ઓફ ફર્મ, સુરતની કચેરીએ રજીસ્ટ્રર નંબર : GUJ/SRT/(17) 31219, તારીખ : ૦૫/૦૧/૨૦૧૧ થી રજીસ્ટર્ડ થયેલ છે. અને સદર ભાગીદારીનો ઇન્ટકમ ટેક્ષ દફતરે પરમેનન્ટ એકાઉન્ટ નંબર ( PAN NO ) AAKFB 2696 M થી નોંધાયેલ છે, અને ભાગીદારી પેઢીના ભાગીદારીમાં ભાગીદારની ફેરબદલ થતા આજરોજના ભાગીદારો ભાગીદારી પેઢીના ભાગીદાર તરીકે ચાલી આવેલા છે જે મુજબ ॥ **બાલાજી એન્ટરપ્રાઇઝ** ॥ નામની ભાગીદારી પેઢીના હાલના ભાગીદારો તરીકે મનહરભાઇ જીવનભાઇ સાંસપરા, કિરીટભાઇ મોહનભાઇ વજીફીયા, મુકેશભાઇ વલ્લભભાઇ માવાણી, હિરેનકુમાર નટવરભાઇ પટેલ, તથા કિંતીકુમાર વસંતભાઇ પટેલ ચાલી આવેલા છે

આમ, મોજે ગામ : વેંલજાના **બ્લોક નંબર : ૨૭૦** ( એકત્રીકરણ પહેલા બ્લોક નંબર : ૨૬૦, ૨૬૧, ૨૬૪, ૨૭૦ ) થી નોંધાયેલ બિનખેતીની જમીન ॥ **બાલાજી એન્ટરપ્રાઇઝ** ॥ નામની ભાગીદારી પેઢી માલીક, મુખત્યાર, કબજેદાર થયેલ અને ચાલી આવેલ છે.

અને એ રીતે ॥ **બાલાજી એન્ટરપ્રાઇઝ** ॥ ભાગીદારી પેઢી સદરહુ જમીનના માલિક બન્યા છે અને સદર પેઢી એ સદરહુ બિનખેતીની જમીનમાં મંજુર થયેલ પ્લાન મુજબ ॥ **મિલેનીયમ રેસીડેન્સી** ॥ નામથી સોસાયટી બનાવી પ્લોટો પાડવામાં આવેલા છે અને એ રીતે મોજે ગામ : વેંલજાના **બ્લોક નંબર : ૨૭૦** ( એકત્રીકરણ પહેલા બ્લોક નંબર : ૨૬૦, ૨૬૧, ૨૬૪, ૨૭૦ ) થી નોંધાયેલ જમીનમાં બિનખેતીની જમીનમાં ॥ **બાલાજી એન્ટરપ્રાઇઝ** ॥ નામની ભાગીદારી પેઢી દ્વારા ॥ **મિલેનીયમ રેસીડેન્સી** ॥ નામથી સોસાયટી બનાવી પ્લોટો પાડવામાં આવેલા છે તે પ્રોજેકટવાળી જમીન પુરતો જ આ ટાઇટલ અંગેનો રીપોર્ટ મારી રૂબરૂ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને આધારે આપીએ છીએ.

## :: પ્રમાણપત્ર ::

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ કામરેજ તાલુકાના મોજે ગામ : વેંલજાના **બ્લોક નંબર : ૨૭૦** ( એકત્રીકરણ પહેલા બ્લોક નંબર : ૨૬૦, ૨૬૧, ૨૬૪, ૨૭૦ ) થી નોંધાયેલ બિનખેતીની જમીન કે જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ કુલ્લે ૭૫૦૩૬ ચો.મી. છે તે જમીનમાં રહેણાંકના હેતુ માટે ॥ **મિલેનીયમ રેસીડેન્સી** ॥ નામથી સોસાયટી બનાવી પ્લોટો પાડવામાં આવેલા છે તે કુલ્લે જમીન મિલકત અંગેના માલીકી, કબજેદાર તરીકેના હકક ॥ **બાલાજી એન્ટરપ્રાઇઝ** ॥ નામની ભાગીદારી પેઢી અને તેના હાલના ભાગીદારોના ચાલી આવેલા છે. જેઓના માલીકી અંગેના ટાઇટલ કલીયર, સંપુર્ણ, માર્કેટેબલ અને બોજા મુકત છે.

કમલેશ ડી. ખુંટ

(એડવોકેટ)


**Office :** 501, Starling Point, Above Arihant Jewellers, Hans Society, Beside Axis Bank, Varachha Main Road, Surat. Ph.: 0261 - 255 9835, M. 98253 74551 E-mail : kdkhunt@yahoo.com



Scanned by CamScanner

Kamlesh D. Khunt

B.Com., LL.B.

ADVOCATE

૧૦. સદરહુ મિલકત અંગે તેને લાગુ સબ-રજીસ્ટ્રાર કચેરી, જી. સુરત ખાતે છેલ્લા સંબધિત રેકર્ડની ૩૦ વર્ષની તપાસ કરતા સદરહુ જમીન-મિલકત ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો ચાર્જ, બોજો કે લીયન, યા લીઝ પેન્ડન્સી નોંધાયેલ માલુમ પડતા નથી. તેમજ તેને સંબધિત રેવન્યુ રેકર્ડ તથા મારી રૂબરૂ નીચે મુજબ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા સદર મિલકતના હાલના માલીકના માલીકીપણા અંગેના ટાઇટલ બોજા મુક્ત, ચોખ્ખા અને માર્કેટેબલ માલુમ પડે છે.

## મારા તરફથી ચકાસણી કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓનું લિસ્ટ

૧. ।। બાલાજી એન્ટરપ્રાઇઝ ।। ના નામની ભાગીદારી પેઢીના નામના વેચાણ દસ્તાવેજોની પ્રમાણિત નકલો
૨. ।। બાલાજી એન્ટરપ્રાઇઝ ।। ભાગીદારી પેઢીની તમામ ડીડની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ
૩. ।। બાલાજી એન્ટરપ્રાઇઝ ।। ભાગીદારી પેઢીની ફર્મ ઓફ રજીસ્ટ્રેશનની પ્રમાણિત નકલ
૪. ।। બાલાજી એન્ટરપ્રાઇઝ ।। ભાગીદારી પેઢીના પાનકાર્ડની પ્રમાણિત નકલ
૫. ગામ નમુના નંબર ૭/૧૨, ૮-અ, ની નકલ ( બ્લોક નંબર ૨૭૦ એકત્ર બાદ )
૬. ગામ નમુના નંબર ૭/૧૨, ૮-અ, ની નકલ ( બ્લોક નંબર ૨૭૦ એકત્ર પહેલા )
૭. ગામ નમુના નં ૬ હકકપત્રક તથા ૭/૧૨ ના ઉતારાની કોમ્પ્યુટરાઇઝડ તથા હસ્ત લિખીતની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ
૮. અગ્રહકકધારી માલીકોના નામે કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજોની પ્રમાણિત નકલો.
૯. બિનખેતીના હુકમોની નકલ,
૧૦. મંજુર થયેલ લે આઉટ પ્લાનોની કોપી
૧૧. શોધ ફીની રસીદ અને બોજાની નોંધનુ પત્રક

KAMLESH D. KHUNT AL. SURAT

---------------------------------

કમલેશ ડી. ખુંટ
(એડવોકેટ)

Office : 501, Starling Point, Above Arihant Jewellers, Hans Society, Beside Axis Bank, Varachha Main Road, Surat. Ph.: 0261 - 255 9835, M. 98253 74551 E-mail : kdkhunt@yahoo.com

Scanned by CamScanner

અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન બ્લોક નં 260,261,264,270

Search in : વેલંજા/VELANJA

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર: | ૨૦૧૭૧૧૫૦૪૯૦૩૧ | અરજી નંબર: | ૨૪૯૪૪ | અરજી વર્ષ: | ૨૦૧૭ |

તા: ૯ માહે: ઓક્ટોબર સને: ૨૦૧૭

રજુ કરનારનું નામ કમલેશ ડી ખુંટ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. | પૈસા |
|---|---|---|
| રજીસ્ટ્રેશન ફી | | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી | | |
| ટપાલ ખર્ચ | | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | | ૦ |
| શોધ અગર તપાસણી Year : ૧૯૮૫ | ૧૧૦૦ | |
| દંડ કલમ-૨૫ | | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | | |
| નકલ ફી ફોલીયો | | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી | | |
| આ સિવાયની બાબતોની ફી | | |

THE SEAL OF THE SUB REGISTRAR KAMREJ કામરેજ સબ રજીસ્ટ્રાર

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | ૧૧૦૦ |

અંકે રૂપીયા એકહજાર એકસો પુરા.

દસ્તાવેજ ............ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ............ આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( એમ. આર. પરમાર )
સબ રજીસ્ટ્રાર
કામરેજ

IGR-NIC 4582295952094694027 ૯/૧૦/૨૦૧૭ ૧૨:૦૯:૩૪ pm

Scanned by CamScanner

2007

2017

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય)

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in કમલેશ ડી ખુંટ

અરજી નંબર : ૨૪૯૪૪

મિલ્કતનું વર્ણન બ્લોક નં 260,261,264,270 ગામ નું નામ : VELANJA

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - કામરેજ મા -10 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ

પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા____________ સુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ. ૨૧૨૫૬૨૫૦ | રે. સર્વે નંબર 267, બ્લોક નંબર 260 જેનુ 7/12 મુજબ ક્ષે. 17005 ચો.મી બીનખેતી થયેલ ખુલ્લી જમીન | | | હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલ | બાલાજી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી | ૨૪/૦૭/૨૦૧૫<br>03/૦૮/૨૦૧૫ | ૧૨૪૫૫ | |

THE SEAL OF THE SUB REGISTRAR સબ રજીસ્ટ્રાર નો સિક્કો કામરેજ KAMREJ

તારીખ : ૦૪/૧૦/૨૦૧૬

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ. - કામરેજ



Scanned by CamScanner

2007

2017

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઇંસ્પેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in કમલેશ ડી ખુંટ

અરજી નંબર : ૨૪૯૪૪ ગામ નું નામ : VELANJA

મિલ્કતનું વર્ણન બ્લોક નં 260,261,264,270

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - કામરેજ મા -10 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા________________ સુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ભાગીદારીનો લેખ<br><br>રૂા. ૦ | ખાતા નં. 203, રે.સ.નં. 266, જેનો બ્લોક નં. 261 વાળી કુલ સુમારે 12962 ચો.મી., | | | હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલ | બાલાજી એન્ટરપ્રાઇઝ ના ભાગીદાર તરીકે મનહરભાઇ જીવનભાઇ સાસપરા<br>બાલાજી એન્ટરપ્રાઇઝ ના ભાગીદાર તરીકે વિનોદભાઇ વિઠ્ઠલભાઇ બેલડીયા<br>બાલાજી એન્ટરપ્રાઇઝ ના ભાગીદાર તરીકે હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલ | ૨૦/૦૧/૨૦૧૧<br>૨૦/૦૪/૨૦૧૧ | ૪૮૭ | |

THE SEAL OF THE SUB REGISTRAR સબ રજીસ્ટ્રાર ની (સિક્કો) કામરેજ KAMREJ

તારીખ : ૦૯/૧૦/૨૦૧૭

સબ-રજીસ્ટ્રાર

એસ.આર.ઓ - કામરેજ



Scanned by CamScanner

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઇસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in  કમલેશ ડી ખુંટ

અરજી નંબર : ૨૪૯૪૪  ગામ નું નામ : VELANJA

મિલ્કતનું વર્ણન  બ્લોક નં 260,261,264,270

દસ્તાવેજની આ શોધ  એસ.આર.ઓ - કામરેજ  મા -10  વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ

પુરતોજ મર્યાદીત રહેશે  આ શોધમા તા________ સુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાંની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) ક્ષેત્રફળ આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|
| ભાગીદારીનો લેખ<br>રૂ. ૦ | ખાતા નં. 180, રે.સ.નં. 268, જેનો બ્લોક નં. 264 વાળી કુલ સુમારે 20929 ચો.મી.. | મનેશકુમાર જયંતિભાઇ પટેલ | બાલાજી એન્ટરપ્રાઇઝ ના ભાગીદાર તરીકે મનહરભાઇ જીવનભાઇ સાસપરા<br>બાલાજી એન્ટરપ્રાઇઝ ના ભાગીદાર તરીકે વિનોદભાઇ વિઠ્ઠલભાઇ બેલડીયા<br>બાલાજી એન્ટરપ્રાઇઝ ના ભાગીદાર તરીકે મનેશકુમાર જયંતિભાઇ પટેલ | ૨૦/૦૧/૨૦૧૧<br>૨૦/૦૪/૨૦૧૧ | ૪૮૯ | |

THE SEAL OF THE SUB REGISTRAR KAMREJ / પેટા રજીસ્ટ્રાર નો સિક્કો કામરેજ

તારીખ : ૦૪/૧૦/૨૦૧૩

સબ-રજીસ્ટ્રાર
એસ.આર ઓ - કામરેજ



Scanned by CamScanner

2007

2017

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને ઇન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય)

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in કમલેશ ડી ખુંટ

અરજી નંબર : ૨૪૯૪૪ ગામ નું નામ : VELANJA

મિલ્કતનું વર્ણન બ્લોક નં 260,261,264,270

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - કામરેજ મા -10 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા.______________ સુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નૂક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ ક્ષેત્રફળ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|
| 45-એ મુજબનું મુખત્યારનામું<br><br>રૂ. ૦ | 1. ખાતા નં. 180, રે.સ.નં. 268, બ્લોક નં. 264, ક્ષેત્રફળ 20929 ચો.મી.,<br><br>2. ખાતા નં. 203, રે.સ.નં. 266, બ્લોક નં. 261, ક્ષેત્રફળ 12962 ચો.મી., | બાલાજી એન્ટરપ્રાઇઝ ના ભાગીદાર તરીકે મનહરભાઇ જીવનભાઇ સાસપરા<br>બાલાજી એન્ટરપ્રાઇઝ ના ભાગીદાર તરીકે વિનોદભાઇ વિઠ્ઠલભાઇ બેલડીયા<br>બાલાજી એન્ટરપ્રાઇઝ ના ભાગીદાર તરીકે મનેશકુમાર જયંતિભાઇ પટેલ<br>બાલાજી એન્ટરપ્રાઇઝ ના ભાગીદાર હસમુખભાઇ ગોવિંદભાઇ પટેલ | બાલાજી એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી ના ભાગીદારી મનહરભાઇ જીવનભાઇ સાસપરા | ૨૦/૦૧/૨૦૧૧<br>૨૦/૦૧/૨૦૧૧ | ૪૯૦ | |

THE SEAL OF THE SUB REGISTRAR KAMREJ
સબ રજીસ્ટ્રાર નો સિક્કો કામરેજ

તારીખ : ૦૯/૧૦/૨૦૧૭

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - કામરેજ



Scanned by CamScanner